**ગુજરાતી　　　ધોરણ : 8　　　પ્રથમ સત્ર**

**પાઠ – 8 મજાનો ખજાનો　　　એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫**

---

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'મજાનો ખજાનો' પાઠના લેખક કોણ છે?..........................................................

૨. અનુપની સાઇકલની શી સમસ્યા હતી? ..........................................................

૩. દાદાજીએ અનુપને જોઈને કઈ કહેવત કહી? ..........................................................

૪. સોહમને શાળાના શિક્ષકે કયો પ્રોજેક્ટ આપ્યો હતો? ..........................................................

૫. દાદીમાએ 'ઝાઝા હાથ રળિયામણા' કહેવત કયા પ્રસંગે કહી?

..........................................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૫ ગુણ]**

**(આઇસક્રીમ, કહેવત, રૂઢિપ્રયોગ, સોહમ, અનુપ)**

૧. 'મજાનો ખજાનો'માં ______ અને ______ ની સૃષ્ટિમાં ડોકિયું કરાવવામાં આવ્યું છે.

૨. સાઇકલની ચેઇન ઊતરી જતાં ______ ને જરાય ચેન પડ્યું નહીં.

૩. પ્રોજેક્ટ પૂરો કરવાની ઉતાવળ ______ ને ભારે પડી.

૪. દાદા-દાદી પાસે ______ નો ખજાનો છે.

૫. સોહમના મમ્મી બધાં માટે ______ લાવ્યાં.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

આ સાંભળીને દાદા બોલ્યા, "બેટા, ધીરજના ફળ મીઠાં. આજે રમવાના બદલે શાંતિથી તારો પ્રૉજેક્ટ ફરીથી બનાવ. હું તને મદદ કરીશ." સોહન તો પગ પછાડતો બીજા ચાર્ટ પેપર અને રંગીન કાગળો લઈ આવ્યો. પીળા રંગના કાગળમાં સૂર્ય બનાવીને એક પછી એક ગ્રહ તૈયાર કરવા લાગ્યો પણ તેનું મન તો તેના મિત્રોમાં જ હતું. કાગળમાંથી થોડાક ગ્રહો તૈયાર કરીને પાછો આ બધું કામ કેવી રીતે પૂરું થશે તે વિચારતો લમણે હાથ દઈને બેસી ગયો. એને આમ બેઠેલો જોઈને દાદા બોલ્યા, "ચાલ ભાઈ! ચાલ હું તને હાથ દઉં છું. આવ આપણે બન્ને મળીને તારું કામ પૂરું કરીએ." "એમ તમે સામે હાથ લાંબો કરો એટલે મારું કામ થોડું પતી જવાનું છે, દાદા ?" સોહમ વધુ અકળાઈને બોલ્યો. "અરે બેટા, હાથ દેવો એટલે મદદ કરવી. તારા દાદા તને મદદ કરવા તૈયાર છે." દાદીમા સોહમને સમજાવતાં બોલ્યાં.

૧. દાદાજીએ સોહમને કઈ કહેવત કહીને સમજાવ્યો? ..........................................................

૨. સોહમ પગ પછાડતો શા માટે ચાર્ટ પેપર લઈ આવ્યો? ....................................................

૩. સોહમ લમણે હાથ દઈને કેમ બેસી ગયો હતો? .........................................................

૪. દાદાજીએ સોહમને કયું આશ્વાસન આપ્યું? ..............................................................

૫. દાદીમાએ 'હાથ દેવો' રૂઢિપ્રયોગનો શું અર્થ સમજાવ્યો?

........................................................................................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

કાળજે વાગવું: વાક્ય:

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

લોકજીભે બોલાતા આવતા શબ્દોનો સમૂહ:

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

નિરીક્ષણ: અંતરિક્ષ:

**૪. નીચે આપેલ કહેવતનો અર્થ સમજાવો.**

ઉતાવળે આંબા ન પાકે.

**૫. નીચે આપેલ કહેવતનો અર્થ સમજાવો.**

ઝાઝા હાથ રળિયામણા.

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'મજાનો ખજાનો' પાઠના આધારે કહેવતો અને રૂઢિપ્રયોગો ભાષાને કેવી રીતે વધુ અસરકારક અને પ્રત્યાયનક્ષમ બનાવે છે તે સમજાવો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

૨. સોહમના પ્રોજેક્ટના અનુભવ પરથી 'ધીરજના ફળ મીઠાં' કહેવત કેવી રીતે સાર્થક થાય છે? તમારા શબ્દોમાં વર્ણવો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર